જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૬/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૨,૪૪,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૨૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૨૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૯/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** લાડુબહેન વા/ઓ અરવિંદભાઇ દેસાઇ (ઉ.વ.૬૦)(રહે.હરીકૃષ્ણ સોસાયટી ઉદયનગર ની પાછળ કતારગામ સુરત) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૬/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે માનસી સર્કલ સ્વામિનારાયણ મંદીરની પાસે નીલ પેલેસ પ્લેટીનિયમ, પારસ મેડિકલની સામે રોડ ઉપર લાડુબહેન ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ લાડુબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપૂત ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૦/૨૦૨૨**

**વાડજઃ** સુશ્રુત S/O એકતા પટેલ (ઉ.વ.૨૫)(વ્યવસાયઃ-ડોકટર)(રહે.ધરતી એપાર્ટ્મેન્ટ નવ રચના સોસાયટી સેકટર-૨૮ ગાંધીનગર) તા.૨૮/૦૬/૨૦૨૨ રાતના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન નવા વાડજ જૈન દેરાસર પાસે તુલસીશ્યામ સોસાયટી આગળ રોડની સાઇડમાં પાર્ક કરેલ પોતાની વર્ના ફોરવ્હીલ ગાડીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાંથી સેમસંગ ટેબલેટ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મુકેલ બેગ ચોરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ સુશ્રુત પટેલ એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૧/૨૦૨૨**

**"એમ" ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.**: સારંગભાઇ સુભાષભાઇ કોઠારી (ઉ.વ.૨૧)(રહે.અલકનંદા સોસાયટીની સામે, મણીપુર એલીગંજ સોસાયટીની બાજુમાં, ગાલાવીલાની પાસે, ધુમા) અને (૨)સુરેશભાઇ સરદારજી ઠાકોર (ઉ.વ.૨૨)(રહે.બળીયાદેવ મંદીર પાસે, જુપીટર હાઉસ પાસે, આંબલી ગામ) તા.૨૮/૦૬/૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે મોહંમદપુરા ઝવેરી સર્કલ થી એસ.પી. રીંગ રોડ તરફ થોડે દુર રોડ ઉપર બંને જણા એક મોટર સાયકલ ઉપર બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મહિન્દ્રા થાર ફોરવ્હીલ કારના અજાણ્યા ચાલકે (જેના વાહન નંબર કે ચાલકનું નામ-સરનામુ ખબર નથી તે) રોંગ સાઇડમાં પુરઝડપે અને બેદરકારીથી કાર ચલાવી લાવતા, સારંગભાઇના મોટર સાયકલને ટક્કર વાગતા સારંગભાઇ તથા પાછળ બેસેલ તેમનો મિત્ર સુરેશભાઇ બંને ને શરીરે ગંભીર ઇજાઓ થતા બંનેનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની ફરીયાદ મરણ જનાર સારંગભાઇ કોઠારીના પિતા સુભાષભાઇ કોઠારી એ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ ધર્મેશ દિનેશભાઈ ડાભી (ઉ.વ.૧૭)(રહે.કૃષ્ણનગરની ચાલી, નાળા રોડ લાટી નં-૦૫ ગીતામંદિર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૨ રાતના ૯/૦૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચીમ કિનારે સરદારબ્રીજ નીચે આવેલ વોક-વે ઘાટ નંબર-૧૦ નજીક પોતાની જાતે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી